# જાહેરનામું

## ગુજરાત સરકાર

ગૃહ વિભાગ, સચિવાલય,

ગાંધીનગર

તા.૨૫/03/૨૦૨૦.

ક્રમાંક: જીજી/૨૧/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

The National Disaster Management Act, 2005

નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલીક સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/03/૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે.

૨. વધુમાં રાજયના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૨/03/૨૦૨૦ના બે અલગ અલગ જાહેરનામાંથી પેસેન્જર વાહનોને રાજયની અંદર તેમજ રાજયમાંથી અન્ય રાજયોમાં આવન-જાવન પર પ્રતિબંધ પણ લાદવામાં આવેલ છે.

૩. રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વર્તાઇ રહી છે તેની અસરોને નિયંત્રીત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ગૃહ વિભાગના તા.૨૩/03/૨૦૨૦ના જાહેરનામાંથી સમગ્ર રાજયમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૩૧/03/૨૦૨૦ મધ્યરાત્રી સુધી બંધ રાખવામાં આવેલ છે.

૪. નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/03/૨૦૨૦ના હુકમ ક્રમાંક:40-3/2020-DM-I(A)થી સમગ્ર દેશમાં તા.૨૫/3/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સદર હુકમ સાથે વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

૫. આથી **રાજય સરકારના ગૃહ વિભાગના તા.૨૩/03/૨૦૨૦ના જાહેરનામાથી આપવામાં આવેલ સુચનાઓના સ્થાને કેન્દ્ર સરકારના તા.૨૪/03/૨૦૨૦ના હુકમથી આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓનો તમામે અમલ કરવાનો રહેશે.**

૬. સમગ્ર રાજયમાં આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ તા.૨૫/૦૩/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી બંધ રહેશે. આવશ્યક સેવાઓ અંગે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/૦૩/૨૦૨૦ના હુકમ ક્રમાંક:40-3/2020-DM-I(A)માં જણાવેલ બાબતો આખરી રહેશે.

૭. કેન્દ્ર સરકારના તા.૨૪/૦૩/૨૦૨૦ના હુકમની માર્ગદર્શીકાના અનુક્રમ નંબર (૫) ની જોગવાઈ નીચે મુજબ છે:-

5. Industrial Establishments will remain closed.

Exceptions:

a. Manufacturing units of essential commodities.
b. Production units, which require continuous process, after obtaining required permission from the State Government.

૮. ઉપરના (બી) માં કયા ઔદ્યોગિક એકમોનો સમાવેશ કરવો તે સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા નક્કી કરવામાં આવશે અને તે મુજબ પરવાનગી આપવામાં આવશે.

૯. આ માર્ગદર્શક સુચનાઓનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫ની કલમ - ૫૧ થી ૬૦ હેઠળ તથા ઈન્ડીયન પીનલ કોડ, ૧૮૬૦ની કલમ - ૧૮૮ હેઠળ કાર્યવાહીને પાત્ર રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)
ઉપ સચિવ (કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

પ્રતિ,

- પ.સ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી - ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

  ૨/- આ બાબતને બહોળી પ્રસિધ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- મેનેજરશ્રી - સરકારીમુદ્રણાલય, સેકટર - ૩૦, ગાંધીનગર

  આ જાહેરનામાની સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધિ કરી તેની ૨૫ નકલો ગૃહ વિભાગ તથા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને મોકલી આપવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૦.